# કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ અરવલ્લીની કચેરી, મોડાસા

ફોનઃ ૦૨૭૭૪-૨૫૦૨૦૦ જિલ્લા સેવા સદન-શામળાજી રોડ , મોડાસા –૩૮૩૩૧૫

ફેક્સ નઃ ૦૨૭૭૪-૨૫૦૨૦૨ Email:- collector-arv@gujarat.gov.in


150 YEARS OF CELEBRATING THE MAHATMA

નં.એમએજી/COVID-19/ જાહેરનામું /વશી/ ૪૧/ ૪૨ /૨૦૨૦ તા.૧૦/૦૫/૨૦૨૦

## -: એપેડેમીક ડીસીઝ એક્ટ-૧૮૯૭ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૩૪ હેઠળનું જાહેરનામું :-

વંચાણે લીધા:-

(૧) ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયના ના હુકમ : 40-3/2020-DM- I(A) તા.૦૧/૦૫/૨૦૨૦ તેમજ ગાઇડલાઇન

(૨) ભારત સરકારના આરોગ્ય અને પરીવાર કલ્યાણ મંત્રાલયાના હુકમ ક્રમાંક: D.O.NOZ.28015/19/2020-EMR તા: 30/0૪/૨૦૨૦

(૩)ગુજરાત સરકારના આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના,જાહેરનામા ક્રમાંક: જી.પી/૯/એનસીવી/ ૧૦૨૦૨૦/એસએફ-૧/જી તા: ૧૩/03/૨૦૨૦

(૪) ગુજરાત સરકારના ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંક: જીજી/૨૪/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.03/૦૫/૨૦૨૦

(૫) અત્રેના જાહેરનામા ક્રમાંક: એમએજી/કોવીડ-19/RED ZONE જાહેરનામું/વશી/૩૪૯૦થી ૩૫૨૯/૨૦૨૦ તા: 03/૦૫/૨૦૨૦

(૬) ફોજદારી કાર્યરીતી અધિનિયમ -૧૯૭૩

(૭) એપેડેમીક ડીસીઝ એક્ટ-૧૮૯૭

(૮) ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ ૨૦૦૫.

સમગ્ર ગુજરાત રાજ્ય તેમજ ભારત દેશમાં નોવેલ કોરોના વાયરસ (COVID-19) ફેલાયેલ છે કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી તથા ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ (COVID-19) ફેલાવો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા તથા કેટલીક સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૧૩.03.૨૦૨૦ના જાહેરનામાથી THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATIONS, 2020 જાહેર કરેલ છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના ના આમુખ (૧) ના નોટીફિકેશનથી સમગ્ર ભારત દેશમાં તા.૧૭/૦૫/૨૦૨૦ સુધી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ મોકુફ રાખવા વિગતવાર માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અન્વયે અત્રેના આમુખ (૫) ના જાહેરનામાથી વિગતવાર માર્ગદર્શક સૂચનાઓને આધારે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

તાજેતરમાં અરવલ્લી જિલ્લામાં અને ખાસ કરીને મોડાસા શહેર વિસ્તારમાં કોરોના વાયરસ (COVID-19)ના કેસો મોટી સંખ્યામાં મળી આવેલ છે. જે ધ્યાને લેતાં કોરોના વાયરસ (COVID-19)નો ફેલાવો અટકાવવા માટે અને વધુ લોકોને કોરોના વાયરસ (COVID-19)ના સંક્રમણથી બચાવવા માટે અત્યારના પ્રવર્તમાન નિયંત્રણો ઉપરાંત વધારાના નિયંત્રણ મુકવા જરૂરી જણાય છે.

આથી હું, અમૃતેશ ઔરંગાબાદકર આઇ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, અરવલ્લી, ધ એપેડેમીક ડીસીઝ એક્ટ-૧૮૯૭ અને ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન , ૨૦૨૦ તથા ધ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫ ની કલમ-૩૪ હેઠળ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે,

Scanned by CamScanner

મોડાસા શહેરી હદ વિસ્તારમાં નીચે મુજબની પ્રવૃત્તિ સિવાયની તમામ પ્રકારનીપ્રવૃત્તિઓ તથા લોકોની અવર-જવર પર સંપુર્ણ પ્રતિબંધ રહેશે.

(૧)દૂધ વિતરણ પાર્લર

(૨) દવાની દુકાનો

(૩) એલ.પી.જી વિતરણ

(૪) પેટ્રોલપંપ

(૫) સરકાર માન્ય વ્યાજબી ભાવની દુકાનો(PDS)

(૬) ક્લિનીક તથા હોસ્પિટલ સિવાયની તમામ દુકાનો, પાર્લરો, ખાનગી ઓફીસો,સેવાઓ બંધ રાખવાની રહેશે.

આવશ્યક સેવાઓ(તબીબી, કાયદો વ્યવસ્થા સહિત) સંબંધિત કચેરીઓ સિવાયની તમામ કચેરીઓની પ્રવૃત્તિઓ બંધ રહેશે.

**:અપવાદ :-**

સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તે તેમજ હોમગાર્ડ કે સરકારી કે અર્ધસરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ અથવા કામગીરીમાં હોય, સરકારશ્રી ધ્વારા જાહેર કરેલ રોજિંદાજીવન જરૂરીયાતની આવશ્યક ચીજવસ્તુઓના ધંધા/વ્યવસાયમાં સંકળાયેલ લોકો કે જેઓએ સક્ષમ સત્તાધિકારીશ્રીની પૂર્વ મંજુરી મેળવી હોય તેઓને લાગુ પડશે નહી.

**:વિસ્તાર :-**

આ જાહેરનામું મોડાસા નગરપાલિકાના સમગ્ર હદ વિસ્તારમાં લાગુ પડશે.

**:અમલવારીનો સમય :-**

આ હુકમની અમલવારી તા.૧૧/૦૫/૨૦૨૦ના ૦૦.૦૦ કલાક થી તા.૧૭/૦૫/૨૦૨૦ના ૨૪.૦૦ કલાક સુધી કરવાની રહેશે.

**:શિક્ષા :-**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમ-૧૮૮, ધ એપેડેમીક ડીસીઝ એકટ , ૧૮૯૭ , ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન -૨૦૨૦ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૫૧ થી ૫૮ મુજબ શિક્ષાને પાત્ર થશે. અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કક્ષાના અને તેની ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમ-૧૮૮ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૫૧ થી ૫૮ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમની બજવણી કરવી વ્યક્તિગત રીતે શકય ન હોઇ એક તરફી હુકમ કરવામાં આવે છે. તથા આ હુકમની જાહેરાત વર્તમાનપત્રોમાં, અખબારીયાદી રૂપે આપી તથા રેડીયો ટેલીવિઝન,કેબલ ટીવી નેટવર્ક , તથા લોકોએકત્રિત થતા હોય તેવી કચેરીઓમાં નોટીસ બોર્ડ ઉપર ચોંટાડીને તથા રાજ્ય સરકારના ગેઝેટમાં પ્રસિધ્ધ કરીને કરવાની રહેશે.

આજ તા.૧૦/૦૫/૨૦૨૦ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી હુકમ બહાર પાડયો.

DISTRICT MAGISTRATE ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ અરવલ્લી ડીસ્ટ્રીકટ મોડાસા ARAVALLI DISTRICT MODASA

10105/2020

(અમૃતેશ ઔરંગાબાદકર)
જિલ્લા મેજીસ્ટ્રેટ
અરવલ્લી મોડાસા

Scanned by CamScanner

નકલ જયભારત સાથ રવાના :-

૧. ઉપસચિવશ્રી, ગૃહવિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર

૨. જિલ્લા વિકાસ અધિકારીશ્રી અરવલ્લી

૩. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી અરવલ્લી

૪. પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી ................. જાહેરનામાની નકલો આ સાથે મોકલેલ છે, જે આપના કાર્યક્ષત્ર હેઠળના તમામ પોલીસ સ્ટેશનોના નોટીસ બોર્ડ તેમજ જાહેર સ્થળોએ પ્રસિધ્ધ કરાવી, જરૂરી પગલા લેવા તથા જરૂરી અમલ કરાવવા તેમજ આપના કાર્યક્ષેત્ર હેઠળના તમામ પોલીસ સ્ટેશનો તથા જાહેર સ્થળોએ આ જાહેરનામાની પ્રસિધ્ધિ થવાનો અહેવાલ તુરતજ અત્રે મોકલી આપવા સારૂ.

૫. રજિસ્ટ્રારશ્રી, નામ.ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ અરવલ્લી

૬. નામ. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી અરવલ્લી

૭. નામ. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, ફર્સ્ટ કલાસ, જ્યુડીશીયલમેજીસ્ટ્રેટશ્રીફ.ક.મોડાસા/ભીલોડા/બાયડ મેઘરજ/ધનસુરા/માલપુર

૮. નાયબ પોલીસ અધિક્ષકશ્રી મોડાસા

૯. સબડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી મોડાસા, બાયડ

૧૦. એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી મોડાસા, ભિલોડા, મેઘરજ, માલપુર, ધનસુરા, બાયડ ......................... આપના કાર્યક્ષેત્ર હેઠળના તમામ એ.પી.એ.સી.ને જાણ કરવા તથા આ જાહેરનામું પ્રસિધ્ધ કરાવી. પ્રસિધ્ધ કર્યાનો અહેવાલ તુરત મોકલી આપવા સારૂ.

૧૧. તાલુકા વિકાસ અધિકારીશ્રી, મોડાસા, ભિલોડા, મેઘરજ, માલપુર, ધનસુરા, બાયડ ......................... આપના કાર્યક્ષેત્ર હેઠળના તમામ તલાટી કમ મંત્રીઓ મારફતે બહોળી પ્રસિધ્ધિ કરાવી, આ જાહેરનામું તમામ ગામોએ પ્રસિધ્ધ કરાવી, તમામ ગામોએ પ્રસિધ્ધ કર્યાનો અહેવાલ તુરત મોકલી આપવા સારૂ.

૧૨. ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા, મોડાસા, બાયડ

૧૩. નાયબ માહિતી નિયામકશ્રી અરવલ્લી

....... આ જાહેરનામાની પાંચ નકલો સામેલ રાખી મોકલેલ છે. તો જાહેર સેવાના હિતાર્થ વિનામુલ્ય સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રશિધ્ધિ કરાવી પ્રસિધ્ધ થયેલી વર્તમાન પત્રના કટીંગની નકલ અત્રે મોકલી આપવા વિનંતી છે.

૧૪. વ્યવસ્થાપકશ્રી ,સરકારી છાપકામ અને લેખન સામગ્રી વિભાગ,વડોદરા.

૨/- જાહેરનામું ગુજરાત રાજ્યના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.

Scanned by CamScanner